22.02.2023 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

“ મીઠાં બાળકો - તમને જ્ઞાનનું સેકીન મળ્યું છે , સેક્રિનનું નું તે બુંદ ( ટીપું ) છે મનમનાભવ , આ જ ખોરાક બધાંને ખવડાવતા રહો”

પ્રશ્ન :- સાચ્ચી-સાચ્ચી ખુશખૈરાફત કઈ છે? તમારે બધાંની કઈ રુહાની ખાતરી (સેવા) કરવાની છે?

ઉત્તર :- દરેકને બાપનો પરિચય આપવો, આ છે સાચ્ચી-સાચ્ચી ખુશ ખૈરાફત. તમે શ્રીમત પર બધાંને ખુશીનો ખોરાક ખવડાવતા રહો. બેહદ નાં બાપ દ્વારા જીવનમુક્તિ નો ખોરાક જ તમને મળ્યો છે તે બધાંને આપતા જાઓ. અતિન્દ્રિય સુખમાં રહી બધાંને જ્ઞાન યોગનો ફર્સ્ટ ક્લાસ ખોરાક ખવડાવવો, આ જ સૌથી સારી રુહાની ખાતરી છે.

ઓમ્ શાંતિ ! જ્ઞાનનું ત્રીજું નેત્ર આપવા વાળા રુહાની બાપ બેસી રુહાની બાળકોને સમજાવે છે. જ્ઞાનનું ત્રીજું નેત્ર બાપ સિવાય બીજું કોઈ આપી ન શકે. હમણાં આપ બાળકોને જ્ઞાનનું ત્રીજું નેત્ર મળ્યું છે. હમણાં તમે જાણો છો કે આ જૂની દુનિયા બદલવાની છે. બિચારા મનુષ્ય નથી જાણતાં કે કોણ બદલાવવા વાળા છે અને કેવી રીતે બદલાવે છે કારણ કે એમને જ્ઞાનનું ત્રીજું નેત્ર જ નથી. આપ બાળકોને હવે જ્ઞાનનું ત્રીજું નેત્ર મળ્યું છે જેનાંથી તમે સૃષ્ટિ નાં આદિ-મધ્ય-અંત ને જાણી ગયાં છો. આ છે જ્ઞાનનું સેક્રિન. સેક્રિન નું એક ટીપું પણ કેટલું મીઠું હોય છે. જ્ઞાન નો પણ એક જ શબ્દ છે મનમનાભવ. બધાં કરતાં કેટલો મીઠો છે. પોતાને આત્મા સમજી અને બાપને યાદ કરો. બાપ શાંતિધામ અને સુખધામ નો રસ્તો બતાવી રહ્યાં છે. બાપ આવ્યાં છે બાળકોને સ્વર્ગનો વારસો આપવાં. તો બાળકોને કેટલી ખુશી રહેવી જોઈએ. કહે પણ છે ખુશી જેવો ખોરાક નથી. જે સદૈવ ખુશી મોજમાં રહે છે એમનાં માટે તે જેમકે ખોરાક હોય છે. ૨૧ જન્મ મોજમાં રહેવાનો આ જબરજસ્ત ખોરાક છે. આ ખોરાક સદૈવ એક-બીજાને ખવડાવતા રહો. એક-બીજાની જબરજસ્ત ખાતરી આ કરવાની છે. આવી ખાતરી બીજા કોઈ મનુષ્ય, મનુષ્યની કરી ન શકે.

આપ બાળકો શ્રીમત પર બધાંની રુહાની ખાતરી કરો છો. સાચ્ચી-સાચ્ચી ખુશ ખૈરાફત પણ આ છે કોઈને બાપ નો પરિચય આપવો. મીઠાં બાળકો જાણે છે બેહદનાં બાપ દ્વારા આપણને જીવનમુક્તિ નો ખોરાક મળે છે. સતયુગ માં ભારત જીવનમુક્ત હતું, પાવન હતું. બાપ ખૂબજ સારો ઊંચો ખોરાક આપે છે, ત્યારે તો ગાયન છે અતિન્દ્રિય સુખ પૂછવું હોય તો ગોપીઓને પૂછો. આ જ્ઞાન અને યોગ નો કેટલો ફર્સ્ટ ક્લાસ વન્ડરફુલ (અદ્દભૂત) ખોરાક છે અને આ ખોરાક એક જ રુહાની સર્જન પાસે છે બીજા કોઈને આ ખોરાક ની ખબર જ નથી. બાપ કહે છે મીઠાં બાળકો તમારા માટે તિરી (હથેળી) પર સૌગાત (ભેંટ) લઈ આવ્યો છું. મુક્તિ, જીવનમુક્તિની આ સૌગાત મારા પાસે જ હોય છે. કલ્પ-કલ્પ હું જ આવીને તમને આપું છું. પછી રાવણ છીનવી લે છે. તો હવે આપ બાળકોને કેટલો ખુશી નો પારો ચઢેલો રહેવો જોઈએ. તમે જાણો છો અમારા એક જ બાપ, શિક્ષક અને સાચ્ચા-સાચ્ચા સતગુરુ છે જે આપણને સાથે લઈ જાય છે. મોસ્ટ બીલવેડ (સૌથી પ્રિય) બાપ પાસે થી વિશ્વની બાદશાહી મળે છે. આ ઓછી વાત છે શું! તો સદૈવ હર્ષિત રહેવું જોઈએ. ગોડલી સ્ટુડન્ટ લાઈફ ઈસ ધ બેસ્ટ. (ઈશ્વરીય વિદ્યાર્થી જીવન જ સુંદર છે.) આ હમણાં નું જ ગાયન છે ને. પછી નવી દુનિયામાં પણ તમે સદૈવ ખુશીઓ મનાવતા રહેશો. દુનિયા નથી જાણતી કે સાચ્ચી-સાચ્ચી ખુશીઓ ક્યારે મનાવાશે. મનુષ્યોને તો સતયુગ નું જ્ઞાન જ નથી. તો અહીં જ મનાવતા રહે છે. પરંતુ આ જૂની તમોપ્રધાન દુનિયામાં ખુશી ક્યાંથી આવી. અહીં તો ત્રાહી-ત્રાહી કરતા રહે છે. કેટલી દુઃખની દુનિયા છે.

બાપ આપ બાળકોને કેટલો સહજ રસ્તો બતાવે છે. ગૃહસ્થ વ્યવહારમાં રહેતા કમળફૂલ સમાન રહો. ધંધા-ધોરી વગેરે કરતા પણ મને યાદ કરતા રહો. જેવી રીતે આશુક અને માશુક હોય છે. તે તો એક-બીજાને યાદ કરતા રહે છે. તે એનો આશુક, એ એનો માશુક હોય છે. અહીંયા આ વાત નથી, અહીં તો તમે બધાં એક માશુક નાં જન્મ-જન્મનાંતર થી આશુક થઈને રહો છો. બાપ ક્યારેય તમારા આશુક નથી બનતાં. તમે એ માશુક ને મળવા માટે યાદ કરતા આવ્યાં છો. જ્યારે દુઃખ વધારે થાય છે તો વધારે સિમરણ કરે છે. ગાયન પણ છે દુઃખમાં સિમરણ સૌ કરે, સુખમાં કરે ન કોઈ. આ સમયે બાપ પણ સર્વશક્તિમાન છે, તો દિવસ-દિવસે માયા પણ

સર્વશક્તિમાન-તમોપ્રધાન થતી જાય છે એટલે હવે બાપ કહે છે મીઠાં બાળકો દેહી-અભિમાની બનો. પોતાને આત્મા સમજી મુજ બાપને યાદ કરો અને સાથે-સાથે દૈવીગુણ પણ ધારણ કરો તમે આવાં (લક્ષ્મી-નારાયણ) બની જશો. આ ભણતર માં મુખ્ય વાત છે જ યાદ ની. ઊંચા માં ઊંચા બાપને ખુબ પ્રેમ, સ્નેહ થી યાદ કરવા જોઈએ. એ ઊંચા માં ઊંચા બાપ જ નવી દુનિયા સ્થાપન કરવા વાળા છે. બાપ કહે છે કે હું આવ્યો છું આપ બાળકોને વિશ્વ નાં માલિક બનાવવા તેથી હવે મને યાદ કરો તો તમારા અનેક જન્મો નાં પાપ કપાઈ જાય. પતિત-પાવન બપ કહે છે તમે ખૂબ પતિત બની ગયાં છો એટલે હવે તમે મને યાદ કરો તો તમે પાવન બની અને પાવન દુનિયાનાં માલિક બની જશો. પતિત-પાવન બાપને જ બોલાવે છે ને. હવે બાપ આવ્યાં છે, તો જરુર પાવન બનવું પડે. બાપ દુ:ખહર્તા, સુખકર્તા છે. બરાબર સતયુગમાં પાવન દુનિયા હતી તો બધાં સુખી હતાં. હમણાં બાપ ફરીથી કહે છે બાળકો શાંતિધામ અને સુખધામ ને યાદ કરતા રહો. હમણાં છે સંગમયુગ. ખેવૈયા તમને આ પાર થી પેલે પાર લઈ જાય છે. નાવ કોઈ એક નથી, આખી દુનિયા જેમકે એક મોટું જહાજ છે, એને પાર લઈ જાય છે.

આપ મીઠાં બાળકોને કેટલી ખુશી થવી જોઈએ. તમારા માટે તો સદૈવ ખુશી જ ખુશી છે. બેહદ નાં બાપ આપણને ભણાવી રહ્યાં છે. વાહ! આ તો ક્યારેય ન સાંભળ્યું, ન વાંચ્યું. ભગવાનુવાચ હું તમને રુહાની બાળકો ને રાજયોગ શીખવાડી રહ્યો છું, તો પૂરી રીતે શીખવું જોઈએ. ધારણા કરવી જોઈએ. પૂરી રીતે ભણવું જોઈએ. ભણતર માં નંબરવાર તો સદૈવ હોય જ છે. પોતાને જોવું જોઈએ કે હું ઉત્તમ છું, મધ્યમ છું કે કનિષ્ઠ છું? બાપ કહે છે પોતાને જુઓ હું ઊંચુ પદ મેળવવા ને લાયક છું? રુહાની સર્વિસ (સેવા) કરું છું? કારણ કે બાપ કહે છે બાળકો સર્વિસેબલ (સેવાધારી) બનો, ફોલો (અનુસરણ) કરો. હું આવ્યો જ છું સર્વિસ માટે. રોજ સર્વિસ કરું છું એટલે જ તો આ રથ લીધો છે. આમનો રથ બીમાર પડી જાય છે તો પણ હું એમાં બેસી મોરલી લખું છું. મુખ થી તો બોલી નથી શકતાં તો હું લખી દઉં છું, જેથી બાળકો માટે મોરલી મિસ ન થાય તો હું પણ સર્વિસ પર છું ને. આ છે રુહાની સર્વિસ. તમે પણ બાપની સર્વિસ માં લાગી જાઓ. ઓન ગોડ ફાધરલી સર્વિસ. બાપ જ તમને આખાં વિશ્વ નાં માલિક બનાવવા આવ્યાં છે. જે સારો પુરુષાર્થ કરે છે એને મહાવીર કહેવાય છે. જોવાય છે કોણ મહાવીર છે જે બાબા નાં ડાયરેક્શન (માર્ગદર્શન) પર ચાલે છે. બાપનું ફરમાન (આજ્ઞા) છે પોતાને આત્મા સમજી ભાઈ-ભાઈ જુઓ. આ શરીરને ભૂલી જાઓ. બાબા પણ શરીર ને નથી જોતાં. બાપ કહે છે કે હું આત્માઓને જોઉં છું. બાકી આ તો જ્ઞાન છે કે આત્મા શરીર વગર બોલી નથી શકતો. હું પણ આ શરીરમાં આવ્યો છું, લોન (આધાર) લીધેલું છે. શરીરની સાથે જ આત્મા ભણી શકે છે. બાબાની બેઠક અહીં છે. આ છે અકાળ તખ્ત. આત્મા અકાળમૂર્ત છે. આત્મા ક્યારેય નાનો-મોટો નથી હોતો, શરીર નાનું-મોટું હોય છે. જે પણ આત્માઓ છે એ બધાનું તખ્ત આ ભ્રકુટી ની વચમાં છે. શરીર તો બધાનાં ભિન્ન-ભિન્ન હોય છે. કોઈનું અકાળતખ્ત પુરુષનું છે, કોઈનું અકાળતખ્ત સ્ત્રીનું છે. કોઈનું અકાળ તખ્ત બાળકનું છે. બાપ બેસી બાળકોને રુહાની ડ્રીલ શીખવાડે છે. જ્યારે કોઈની સાથે વાત કરો તો પહેલાં પોતાને આત્મા સમજો. હું આત્મા ફલાણા ભાઈ સાથે વાત કરું છું. બાપનો પૈગામ (સંદેશો) આપીએ છીએ કે શિવબાબા ને યાદ કરો. યાદ થી જ જંક (કાંટ) ઉતરવાનો છે. સોનામાં જ્યારે એલોય (મિશ્રણ) પડે છે તો સોનાની કિંમત ઓછી થઈ જાય છે. આપ આત્માઓમાં પણ જંક પડવાથી તમે વેલ્યુલેસ (કોડી તુલ્ય) થઈ ગયાં છો. હવે ફરી પાવન બનવાનું છે. આપ આત્માઓને હવે જ્ઞાનનું ત્રીજું નેત્ર મળ્યું છે. એ નેત્રથી પોતાનાં ભાઈઓ ને જુઓ. ભાઈ-ભાઈ ને જોવાથી કર્મેન્દ્રિયો ક્યારેય ચંચળ નહીં થાય. રાજ્ય-ભાગ્ય લેવું છે, વિશ્વ નાં માલિક બનવું છે તો આ મહેનત કરો. ભાઈ-ભાઈ સમજી બધાંને જ્ઞાન આપો. તો પછી આ ટેવ (આદત) પાક્કી થઈ જશે. સાચ્ચા-સાચ્ચા ભાઈઓ તમે બધાં છો. બાપ પણ ઉપરથી આવ્યાં છે, તમે પણ આવ્યાં છો. બાપ બાળકો સહિત સર્વિસ કરી રહ્યાં છે. સર્વિસ કરવાની બાપ હિંમત આપે છે. હિંમતે મર્દા..... તો આ પ્રેક્ટિસ કરવાની છે - હું આત્મા ભાઈને ભણાવું છું. આત્મા ભણે છે ને. આને સ્પ્રિચ્યુઅલ નોલેજ (આધ્યાત્મિક જ્ઞાન) કહેવાય છે, જે રુહાની બાપ પાસે થી જ મળે છે. સંગમ પર જ બાપ આવીને આ જ્ઞાન આપે છે કે પોતાને આત્મા સમજો. તમે અશરીરી આવ્યાં હતાં પછી અહીં શરીર ધારણ કરી તમે ૮૪ જન્મ નો પાર્ટ ભજવ્યો છે. હવે ફરી પાછા જવાનું છે તેથી પોતાને આત્મા સમજી ભાઈ-ભાઈની દૃષ્ટિ થી જોવાનું છે. આ મહેનત કરવાની છે. પોતાની મહેનત કરવાની છે, બીજામાં આપણું શું જાય. ચેરિટી બિગન્સ એટ હોમ અર્થાત્ પહેલાં પોતાને આત્મા સમજો પછી ભાઈઓને સમજાવો તો સારી રીતે તીર લાગશે. આ જ જોહર (બળ) ભરવાનું છે. મહેનત કરશો ત્યારે જ ઊંચ ફળ મેળવશો. બાપ આવ્યાં જ છે ફળ આપવા માટે તો મહેનત કરવી પડે. થોડું

સહન પણ કરવું પડે છે.

તમને કોઈ ઉલ્ટી-સુલ્ટી વાત બોલે તો તમે ચૂપ રહો. તમે ચૂપ રહેશો તો પછી બીજા શું કરશે? તાળી બે હાથેથી વાગે છે. એકે મુખની તાળી વગાડી, બીજા ચૂપ કરી દે તો તે પોતે જ ચૂપ થઈ જશે. તાળી થી તાળી વાગવાથી અવાજ થઈ જાય છે. બાળકોએ એક-બીજાનું કલ્યાણ કરવાનું છે. બાપ સમજાવે છે બાળકો સદૈવ ખુશીમાં રહેવા ઈચ્છો છો તો મનમનાભવ. પોતાને આત્મા સમજી બાપને યાદ કરો. ભાઈઓ (આત્માઓ) તરફ જુઓ. ભાઈઓ ને પણ આ જ્ઞાન આપો. આ આદત પડી જવાથી પછી ક્યારેય ક્રિમિનલ આંખો દગો નહીં આપે. જ્ઞાન નાં ત્રીજા નેત્ર થી ત્રીજા નેત્ર ને જુઓ. બાબા પણ તમારા આત્માને જુએ છે. કોશિશ આ કરવાની છે કે સદૈવ આત્માને જ જુઓ. શરીરને જુઓ જ નહીં. યોગ કરાવો છો તો પણ પોતાને આત્મા સમજી ભાઈઓને જોતા રહેશો તો સર્વિસ સારી થશે. બાબાએ કહ્યું છે ભાઈઓને સમજાવો. ભાઈ બધાં બાપ પાસે થી વારસો લે છે. આ રુહાની જ્ઞાન એક જ વાર આપ બ્રાહ્મણ બાળકોને મળે છે. તમે બ્રાહ્મણ છો પછી દેવતા બનવાવાળા છો. આ સંગમયુગ ને થોડી છોડશો, નહીં તો પાર કેવી રીતે જશો. કુદશો થોડી જ. આ વન્ડરફુલ (અદ્દભુત) સંગમયુગ છે. તો બાળકોએ રુહાની યાત્રા પર રહેવાની આદત પાડવાની છે. તમારા જ ફાયદાની વાત છે. બાપની શિક્ષા ભાઈઓ ને આપવાની છે. બાપ કહે છે હું આપ આત્માઓને જ્ઞાન આપી રહ્યો છું. આત્માઓને જ જોઉં છું. મનુષ્ય-મનુષ્ય સાથે વાત કરશે તો એમનાં મુખ ને જોશે ને. તમે આત્માઓ સાથે વાત કરો છો તો આત્માને જ જોવાનાં છે. ભલે શરીર દ્વારા જ્ઞાન આપો છો પરંતુ આમાં શરીરનું ભાન તોડવાનું હોય છે. તમારો આત્મા સમજે છે કે પરમાત્મા બાપ અમને જ્ઞાન આપી રહ્યાં છે. બાપ પણ કહે છે આત્માઓને જોઉં છું, આત્માઓ પણ કહે છે અમે પરમાત્મા બાપને જોઈ રહ્યાં છીએ. એમની પાસે થી જ્ઞાન લઈ રહ્યાં છીએ. આને કહેવાય છે આધ્યાત્મિક જ્ઞાનની લેણ-દેણ આત્મા ની આત્મા સાથે. આત્મામાં જ જ્ઞાન છે. આત્માને જ જ્ઞાન આપવાનું છે. આ જેમ કે જૌહર છે. તમારા જ્ઞાનમાં આ જૌહર ભરાઈ જશે તો કોઈને પણ સમજાવવાથી ઝટ તીર લાગી જશે. બાપ કહે છે પ્રેક્ટિસ કરીને જુઓ તીર લાગે છે કે નહીં. આ નવી ટેવ (આદત) પાડવાની છે તો પછી શરીર નું ભાન નીકળી જશે. માયા નાં તોફાન ઓછા આવશે. ખરાબ સંકલ્પ નહીં આવે. ક્રિમિનલ આંખ પણ નહીં રહેશે. જ આપણે આત્માએ ૮૪ નું ચક્ર લગાવ્યું. હવે નાટક પૂરું થાય છે. હવે બાબાની યાદમાં રહેવાનું છે. યાદ થી જ તમોપ્રધાન થી સતોપ્રધાન બની, સતોપ્રધાન દુનિયાનાં માલિક બની જઈશું. કેટલું સહજ છે. બાપ જાણે છે કે બાળકોને આ શિક્ષા આપવી પણ મારો પાર્ટ છે. કોઈ નવી વાત નથી. દર ૫૦૦૦ વર્ષ પછી મારે આવવાનું હોય છે. હું બંધાયમાન છું, બાળકોને સમજાવું છું-મીઠાં બાળકો રુહાની યાદની યાત્રામાં રહો તો અંત મતિ સો ગતિ થઈ જશે. આ અંતકાળ છે ને. મામેકમ્ યાદ કરો તો તમારી સદ્દગતિ થઈ જશે. યાદની યાત્રા થી પાયો (પિલ્લર) મજબૂત થઈ જશે. આ દેહી-અભિમાની બનવાની શિક્ષા એક જ વાર તમને બાળકોને મળે છે. કેટલું વન્ડરફુલ જ્ઞાન છે. બાબા વન્ડરફુલ છે તો બાબા નું જ્ઞાન પણ વન્ડરફુલ છે. ક્યારેયય કોઈ બતાવી ન શકે. હવે પાછા જવાનું છે તેથી બાપ કહે છે કે મીઠાં બાળકો આ પ્રેક્ટિસ કરો. પોતાને આત્મા સમજી આત્માને જ્ઞાન આપો. ત્રીજા નેત્ર થી ભાઈ-ભાઈ ને જોવાનાં છે. આ ખૂબ મહેનત છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. ૧) આત્મા ભાઈ-ભાઈ ને જોવાનો અભ્યાસ કરવાનો છે. પોતાને આત્મા સમજી ભાઈ ભાઈ ને જ્ઞાન આપવાનું છે. મહાવીર બની આ ફરમાન (આજ્ઞા) નું પાલન કરવાનું છે.
2. ૨) તમને કોઈ ઉલ્ટી-સુલ્ટી વાત બોલે તો તમે ચૂપ રહો. તાળી બે હાથેથી વાગે છે, એકે મુખની તાળી વગાડી, બીજા ચૂપ થઈ જાય તો તે પોતે જ ચૂપ થઈ જશે.

વરદાન :- અમૃતવેલા નાં ફાઉન્ડેશન દ્વારા આખાં દિવસની દિનચર્યા ને ઠીક રાખવા વાળા સહજ પુરુષાર્થી ભવ

જેવી રીતે ટ્રેન ને પાટા પર ઉભી કરી દે છે તો ઓટોમેટિકલી (આપમેળે જ) રસ્તા પર ચાલતી રહે છે, એવી રીતે જ રોજ અમૃતવેલા યાદની લકીર (યાદ નાં પાટા) પર ઉભાં થઈ જાઓ. અમૃતવેલા ઠીક છે તો આખો દિવસ ઠીક થઈ જશે. અમૃતવેલાનું ફાઉન્ડેશન પાક્કું છે તો આખો દિવસ સ્વતઃ સહયોગ મળતો રહેશે અને પુરુષાર્થ પણ સહજ થઈ જશે. જે સદા બાપની યાદ અને શ્રીમત ની લકીર (મર્યાદા) ની અંદર રહેવાવાળી એવી સાચ્ચી સીતાઓ છે એમની નસ-નસ માં એક રામની

સ્મૃતિનો અવાજ રહે છે.

સ્લોગન :- બાબાની મદદ ને કેચ કરવી (અનુભવ કરવો) છે તો બુદ્ધિને એકાગ્ર કરી લો.